## <u>આંક–૦૧ નીચે હુકમ.</u>

(૧) ફરીયાદીની ફરીયાદ, વેરીફીકેશન તથા ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધેલ. ફરીયાદ હકીકત ધ્યાને લેતાં આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ જાહેર સેવક તરીકે કલેક્ટરશ્રી,ગીર સોમનાથ તેમજ જીલ્લા આયોજન અધીકારી વિરૂધ્ધ કરેલ હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૨૩ વંચાણે લેતા જ્યારે કોઇ ફરીયાદ જાહેર સેવક સામે તેમની કાયદેસરની ફરજના ભાગરૂપે કોઇ કાર્ય કરેલ હોય અથવા કામગીરી દરમ્યાન કોઇ ગુન્હાનો આક્ષેપ થયેલ હોય તો તેવા સંજોગોમાં જાહેર સેવકને સાંભળવાની તક આપવી કાયદાથી ફરજીયાત હોય તેમજ ફરીયાદ જે હકીકતના આધારે કરેલ હોય તેમાં તે બનાવની સ્થીતીની સત્યતા તપાસવા માટે તેમજ જાહેર સેવક ઉપર થયેલ આક્ષેપો સાચા કે ખોટા તે અંગે જાહેર સેવકને સુનાવણીની તક આપવી ફરજીયાત છે અને જાહેર સેવકને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા થી રક્ષણ પ્રાપ્ત થયેલ હોય તેવા સંજોગોમાં બી.એન.એસ.એસ. ની કલમ ૨૨૩ (૨) મુજબ ક્યા તબક્કે/ સ્ટેજે સુનાવણી તક આપવી તથા રીપોર્ટ મંગાવવો તે અંગે કાયદામાં કોઇ સ્પષ્ટતા કરેલ ન હોય તેમજ તેવા સંજોગોમાં ફરીયાદીની પેન્ડીંગ ફોજદારી ઇન્કવાયરી દરમ્યાન જાહેર સેવકના ઉપરી અધીકારી પાસે રીપોર્ટ મંગાવવો મને ન્યાયોચીત જણાય આવે છે. આમ, હાલની ફરીયાદમાં જાહેર સેવક તરીકે ફરજ બજાવતાં નંબર–૧ દીગ્વીજયસિંહ જાડેજા,કલેક્ટરશ્રી, ગીર સોમનાથ તેમજ નંબર–૨ ઇશ્વરલાલ જી. પટેલ,જીલ્લા આયોજન અધીકારી, ગીર સોમનાથના ઉપરી અધીકારી મહે.ચીફ સેક્રેટરીશ્રી, સચીવાલય ગાંધીનગરનાઓનો અહેવાલ મંગાવવા હુકમ કરવામાં આવે છે, તેમજ જાહેર સેવકની સામે ગુન્હાનું સંજ્ઞાન લેતા પહેલા એટલે કે પેન્ડીંગ ફોજદારી ઇન્કવાયરી દરમ્યાન હાલના કામના ફરીયાદીનો તેમજ સાહેદોના સોગંદ ઉપરના પુરાવા ના તબક્કે ફરીયાદમાં ફરીયાદીએ કરેલા જાહેર સેવક સામેના આક્ષેઓ તેઓની ફરજના ભાગ રૂપે કરેલ કાર્ય તથા કાયદેસરની ફરજો નિભાવતી વખતે થયેલ હોય જેથી ફરીયાદીની ફરીયાદના આક્ષેપો સંદર્ભે નંબર–૧ દીગ્વીજયસિંહ જાડેજા,કલેક્ટરશ્રી, ગીર સોમનાથ તેમજ નંબર–૨ ઇશ્વરલાલ જી.પટેલ, જીલ્લા આયોજન અધીકારી, ગીર સોમનાથનાનાઓ ફરીયાદ સંદર્ભે સુનાવણીની તક આપવી જરૂરી હોય જેથી હાલની ઇન્કવાયરી સંદર્ભે નંબર–૧ દીગ્વીજયસિંહ જાડેજા,કલેક્ટરશ્રી, ગીર સોમનાથ તેમજ નંબર–૨ ઇશ્વરલાલ જી.

પટેલ,જીલ્લા આયોજન અધીકારી, ગીર સોમનાથનાઓને બી.એન.એસ.એસ. ની કલમ ૨૨૩ મુજબ સાંભળવાની તક આપવાની બી.એન.એસ.એસ. ની કલમ ૨૨૩(૨)મુજબ ફરજીયાત હોય માટે તેઓને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં હાલના ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ આપેલી હોય જે ફરીયાદ ન નોંધાયેલ હોવાના કારણસર અત્રેની કોર્ટમાં ફરીયાદ આપેલ હોય જેથી હાલની ફરીયાદ બી.એન.એસ.એસ. ની કલમ ૨૨૫ અન્વયે પોલીસને નહી સોંપતા કોર્ટ તપાસ માટે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં આ કામના ફરીયાદીએ ફોજદારી ઈન્કવાયરીના કામે પુરાવો આપવા માટે ફરીયાદીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપવા માટે તેમજ પોતાના સાહેદોનું લીસ્ટ તથા દસ્તાવેજી પુરાવા લીસ્ટ બી.એન.એસ.એસ. ની કલમ ૨૨૫ મુજબ રજુ કરવા હુકમ કરવામાં આવે છે. ફરીયાદીએ ફરીયાદની જરૂરી નકલો તથા દસ્તાવેજી પુરાવાની નકલો આ સાથે સામેલ રાખવા હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમની યાદી મહે. ચીફ સેક્રેટરીશ્રીનાઓને, સચીવાલય ગાંધીનગરને અલગથી કરવી, તેઓએ તેમનો રીપોર્ટ દીન–૭૫ માં અત્રેની કોર્ટમાં રજુ કરવો.

હુકમ આજરોજ તા. ૧૫, મી માર્ચ, ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૫.૦૩.૨૫
સ્થળ:– વેરાવળ.

અર્જુનસિંહ પ્રતાપસિંહ રણધીર
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વેરાવળ.
કોડ નં.જીજે૦૧૦૭૯